UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૧૨, ઓગસ્ટ ૨૦૧૧



# પ્રગતિના નૂતન પથ પર નવપ્રસ્થાન



નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવનું ભાવભર્યુ સ્વાગત



છઠ્ઠી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ સાબરમતી ખાતે યોજાઈ



કરકસરનું મનોવિજ્ઞાન અને ફિલોસોફી

વર્ષ-૧ અંક-૧૨, ઓગસ્ટ ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એ. સી. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી સી. એલ. શર્મા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી આર. એસ. પંચાલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**

સંકલન તા. ૦૫/૦૮/૨૦૧૧

# આ અંકમાં

**સમાચાર** ........ ૦૪
નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવનું ભાવભર્યું સ્વાગત.... ૦૪
યુજીવીસીએલ ચેરમેન ડો. ગુરુપ્રસાદ મહાપાત્રની અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર તરીકે નિયુક્તિ........ ૦૪
રાષ્ટ્રિય ગૌરવ પુરસ્કાર વિજેતા અને યુજીવીસીએલના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા ઈકોલોજી કમિશનના સભ્ય સચિવ તરીકે નિયુક્ત........ ૦૫
શ્રી એ.સી.પટેલ, મુખ્ય ઇજનેરની કારકિર્દીનો પરિચય........ ૦૬
શ્રી સી. એલ. શર્મા, મુખ્ય ઈજનેરનો કારકિર્દી પરિચય........ ૦૬
લાંબી કારકિર્દી બાદ સેવા નિવૃત્ત થતા મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી પી. જે. પટેલ અને શ્રી એ.જે. દલવાડી અધિક્ષક (વહીવટ)........ ૦૭
બદલી થયેલ અને નવનિયુક્ત અધિકારીઓની યાદી........ ૦૮
**ગૌરવ** ........ ૦૭
યુજીવીસીએલ પરિવારનું ગૌરવ........ ૦૯
**વિજ્ઞપ્તિ** ........ ૧૦
**સંક્ષિપ્ત સમાચાર** ........ ૧૧
વીજ ચોરીના મામલામાં કેદની સજા........ ૧૧
વીજચોરીમાં ખેડૂતોને પણ સજા........ ૧૧
અતિ ભારે વરસાદ બાદ ભિલોડા ખાતે તુરત જ વીજ વિતરણ પુનઃપ્રસ્થાપીત........ ૧૧
યુજીવીસીએલના કર્મચારીઓની સમયસૂચકતા-જાનહાની ટાળી........ ૧૧
**વિચાર** ........ ૧૨
કરકસરનું મનોવિજ્ઞાન અને ફિલોસોફી........ ૧૨
જીવન જીવતાં આવડે તો........ ૧૪
**કાવ્યધારા** ........ ૧૫
**પાવર પ્રેરણા** ........ ૧૬
જે વિચારીએ છીએ તે પ્રાપ્ત કરી શકીએ છીએ........ ૧૬
**પાવર કિડ્ઝ** ........ ૧૮
એનર્જી અને વૃક્ષો........ ૧૮
બાળકો માટે ઇલેક્ટ્રિસિટી અને સુરક્ષા........ ૧૮
સોલર લેમ્પથી થતા કેટલાંક ફાયદા........ ૧૯



**નવીન પ્રભાતે, નવા ઉજાસમાં, નવ શરૂઆત કરીએ અને એકમેકના દિલોમાં પ્રકાશ ફેલાવીએ**

પ્રિય મિત્રો,

'આપણું યુજીવીસીએલ'ના માધ્યમ દ્વારા મારી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ કર્મચારીઓને હું સાદર નમસ્કાર કરૂં છું. ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડએ સફળતાનાં પાંચ વર્ષ પૂર્ણ કરી ખૂબ મક્કમ પ્રગતિ સાથે તેમ જ વિવિધ સિદ્ધિઓ અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મેળવીને આગેકૂચ કરેલ છે. આ માટે હું મારા પુરોગામી શ્રી એ. કે. વર્માને અભિનંદન પાઠવું છું.

મિત્રો, મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળવાના ટૂંકા ગાળામાં કંપની વિશેની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર થવાનો મેં સન્નિષ્ઠ પ્રયાસ હાથ ધર્યો જેના પરિણામ સ્વરૂપે આ કંપનીની પ્રગતિમાં આપ સૌએ કરેલ સહિયારો પુરૂષાર્થ જોઈને હું પ્રભાવિત થયેલ છું. કોઈ પણ કંપનીની પ્રગતિમાં તેના નાનામાં નાના કર્મચારીનું યોગદાન પણ ખૂબ મહત્વનું હોય છે જેની મને પ્રતીતિ થયેલ છે. કંપનીને મળેલ સફળતા ઉપરથી કર્મચારીઓના ક્ષમતા પણ હું જાણી શક્યો છું.

વિકસતા આધુનિક યુગમાં આપણે આપણી જગ્યાએ ઊભા રહેવા માટે પણ સતત દોડતા રહેવું પડે તેવી પરિસ્થિતિ છે. આપણે આવશ્યક સેવાના ક્ષેત્રમાં છીએ તો લોકોને વીજ વિતરણ ક્ષેત્રમાં વધુ અનુકૂળ સગવડો મળે તે માટે સતત પ્રયત્નશીલ રહીશું. તમારી સાથે મારો સંવાદ હંમેશા હકારાત્મક રહેશે તેની ખાત્રી આપું છું.

મને વિશ્વાસ છે કે સાથે મળીને કામ કરીશું તો સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને સિદ્ધ કરી સફળતાનાં નવાં શિખરો સર કરી શકીશું.



એન. શ્રીવાસ્તવ, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવનું ભાવભર્યું સ્વાગત

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે તારીખ ૭-૭-૨૦૧૧ના રોજ પોતાનો કાર્યભાર સંભાળી લીધો. કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેઓનું પુષ્પગુચ્છ દ્વારા ભાવભર્યું સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. શ્રી એન. શ્રીવાસ્તવે ઉચ્ચ અધિકારીઓનો પરિચય મેળવ્યા બાદ તુરત જ કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, સર્કલ ઓફિસ, વિભાગીય ઓફિસની મુલાકાત લીધી હતી.

શ્રી એન. શ્રીવાસ્તવ આ અગાઉ નાણા વિભાગ, ગાંધીનગર ખાતે અધિક સચિવ (બજેટ) તરીકે સેવા આપતા હતા. ઉચ્ચ અધિકારીઓએ તેમનું સ્વાગત કરીને કંપનીની પ્રગતિ માટેના તેમના તમામ પ્રયાસોમાં સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. ■






# યુજીવીસીએલના ચેરમેન ડૉ. ગુરુપ્રસાદ મહાપાત્રની અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર તરીકે નિયુક્તિ



છેલ્લાં પાંચથી વધુ વર્ષથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ)ના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળી રહેલા વરીષ્ઠ આઇએએસ અધિકારી ડો. ગુરુપ્રસાદ મહાપાત્રને ગુજરાત સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપી છે.

પોલિટિકલ સાયન્સમાં એમએની ડિગ્રી, ડિપ્લોમસી (ઇન્ટરનેશનલ રીલેશન)માં એમફીલ અને એમબીએની ડિગ્રી ધરાવતા શ્રી મહાપાત્ર, ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસની વર્ષ ૧૯૮૬ની બેચના આઇએએસ અધિકારી છે અને ગુજરાતના બાહોશ અધિકારીઓમાં તેમની ગણના થાય છે. ડો. મહાપાત્રએ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે પણ સેવાઓ આપી છે. તેઓએ ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ (જીઇબી, વર્તમાનમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ)ના સભ્ય (એડમિનિસ્ટ્રેશન) તરીકે નોંધપાત્ર સેવાઓ આપી છે.

તેજસ્વી કારકિર્દી ધરાવતા ડો. ગુરુપ્રસાદ મહાપાત્રએ હાલમાં જ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેઓએ 'મેનેજમેન્ટ ઓફ ચેન્જઃ અ ક્રિટિકલ ઇવેલ્યુએશન ઓફ પાવર સેક્ટર રીફોર્મ્સ એન્ડ રીસ્ટ્રક્ચરિંગ ઓફ ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ (જીઇબી)' વિષય પર ડોક્ટરેટ કર્યું છે. તેઓને ડોક્ટરેટની ડિગ્રી એમએસ યુનિવર્સિટી, વડોદરાના પ્રોફેસર કિરણ જોશી, ડીન ઓફ ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીસના માર્ગદર્શનમાં મળી છે. તેઓ ગુજરાત સરકારના ટ્રાન્સપોર્ટ કમિશનર પણ રહ્યા છે.

ડો. મહાપાત્રએ ગુજરાત આલ્કલિઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જીએસીએલ)ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ગુજરાતના નવરત્ન સમા આ જાહેર સાહસને તેજ ગતિએ વિકાસના પથ પર અગ્રેસર કર્યું હતું. વર્ષ ૨૦૦૬ના નવેમ્બરથી તેઓ ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પણ રહી ચૂક્યા છે. શ્રી મહાપાત્રએ તેઓના લાંબા કાર્યકાળ દરમિયાન સુરેન્દ્રનગરના ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ ઓફિસર, કલેક્ટર અને જૂનાગઢ અને રાજકોટના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, સુરતના મ્યુનિસિપલ કમિશનર તેમ જ સેલ્સ ટેક્સ વિભાગમાં સ્પેશિયલ કમિશનર (એનફોર્સમેન્ટ) તરીકે સેવાઓ આપી છે.

તેઓ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના ડિરેક્ટર, ગુજરાત ગાર્ડિયન લિમિટેડ, ગુજરાત એલ્યુમિનિયા એન્ડ બોક્સાઇટ લિમિટેડ, ગુજરાત કેમિકલ્સ પોર્ટ ટર્મિનલ કંપની લિમિટેડ, ભાવનગર એનર્જી કંપની લિમિટેડ અને ડાવ જીએસીએલ સોલ્વેન્ચર લિમિટેડના ડિરેક્ટર પણ રહી ચૂક્યા છે.

સમગ્ર યુજીવીસીએલ પરિવાર ડો. મહાપાત્રને ભારતના એક અગ્રગણ્ય શહેર તરીકે વિકસી રહેલા અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનર તરીકે યશસ્વી કામગીરીની શુભેચ્છાઓ પાઠવે છે. ■

# યુજીવીસીએલના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા ઈકોલોજી કમિશનના સભ્ય સચિવ તરીકે નિયુક્ત

## સફળતાના સૂત્રધારને સાદર શુભેચ્છા...

છેલ્લાં ત્રણ વર્ષથી ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સફળ ફરજ બજાવનાર શ્રી એ. કે. વર્માની ઈકોલોજી કમિશનના સભ્ય સચિવ તરીકે નિયુક્ત થતાં કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને સૌ કર્મચારીઓએ તેમને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યાં હતાં.

ઉત્તર ગુજરાતના ૪૬૨૮ ગામડાંને સતત ૨૪ કલાક થ્રીફેઝ વીજપુરવઠો પૂરો પાડી સામાન્ય માનવીનું જીવન ધોરણ ઊંચું લઈ જવા માટે કાર્યરત એવી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મુખ્ય સૂત્રધાર એવા શ્રી વર્માએ કંપનીની કામગીરીને નવી ઊંચાઈએ પહોંચાડવા સતત મહેનત કરી હતી. જેથી રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મેળવવાની પરંપરા જળવાઈ છે તેમ જ ઉત્તર ગુજરાત વીજ કંપનીની વીજ ગ્રાહકોમાં વિશિષ્ટ ઓળખ ઊભી થયેલ છે.

શ્રી વર્માના કાર્યકાળ દરમિયાન કંપનીને ગ્રામ્ય વીજળી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ઈમા પાવર એવોર્ડ-૨૦૦૮ પ્રાપ્ત થયો. ખેતી ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ઈન્ડિયા પાવર એવોર્ડ ૨૦૦૯ પ્રાપ્ત થયો. આઈસીડબલ્યુએઆઈ તરફથી જાહેર ક્ષેત્રની કંપનીઓની કેટેગરીમાં એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૯ પ્રાપ્ત થયો,એનર્જી એફિશિયન્સી, કન્ઝર્વેશન અને ડીએસએમ કેટેગરી માટે ઈન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૦ પણ કંપનીને મળ્યો.ઉપરાંત પ્રવર્તમાન વીજ ક્ષેત્રના સ્પર્ધાત્મક વાતાવરણને અનુલક્ષીને તેમ જ વીજ નિયમન પંચની ગ્રાહક સુવિધાઓ અને જરૂરી માળખાકીય સુવિધાઓ અને જરૂરી પરિવર્તનોને ધ્યાનમાં રાખીને તેમના નેતૃત્વ હેઠળ કરેલ કાર્યવાહીના અનુસંધાનમાં કંપનીએ આઈ.એસ.ઓ. ૯૦૦૧: ૨૦૦૮નું પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે.

આ સમય દરમિયાન કર્મચારીઓને પ્રોત્સાહિત કરી તેઓ વધુ સારી રીતે ગ્રાહકલક્ષી સેવાઓ બજાવી શકે તે માટે અનુકૂળ વાતાવરણ સર્જાવવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં ટીએન્ડી લોસમાં ઘટાડો, સઘન ચેકિંગ ઝુંબેશ, માસ મેઈન્ટેનન્સ, વધારે લોસવાળા અને લોસવાળા ફીડરોનું વિભાજન ટ્રાન્સફોર્મર લોસ ઘટાડવા એર્નોર્ટ ફોર્સ ટ્રાન્સફોર્મર, સ્ટેટીક-ક્વોલિટી મીટર, પાવર ફેક્ટરના સુધારા અંગે ટ્રાન્સફોર્મર પર પાવર ફેક્ટર પેનલો લગાવવી, ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો વગેરે પગલાં તેઓશ્રીના નેતૃત્વ હેઠળ અવિરતપણે હાથ ધરવામાં આવેલ.

રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કારથી સન્માનિત શ્રી એ. કે. વર્મા ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસના -ગુજરાત કેડર, ૧૯૮૬ના કાર્યદક્ષ વહીવટી અધિકારી તરીકે નોખી પ્રતિભા ધરાવે છે. ફિઝિક્સમાં એમ. એસસી.ની ડીગ્રી ધરાવતા શ્રી વર્માએ આઈઆઈએમ બેંગ્લોર તથા મેક્સવેલ સ્કૂલ ઓફ સિટિઝનશીપ એન્ડ ઈન્ટરનેશનલ અફેર્સ, સાયરેક્સ યુનિવર્સિટીમાંથી પોલિસી એન મેનેજમેન્ટની પદવી પણ મેળવેલ છે. શ્રી વર્માએ ગુજરાતના ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં સોશિયલ ફોરેસ્ટ્રી વિભાગમાં કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી હતી. તેમણે ૧૯૮૬માં તૈયાર થયેલ, તે સમયના દેશના સૌથી મોટા ફોરેસ્ટ્રી પ્રોજેક્ટ, જીબીઆઈસી, જાપાન દ્વારા ફાઈનાન્સ્ડ ઈન્ટીગ્રેટેડ ફોરેસ્ટ્રી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફ ગુજરાતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ. તેમની કાર્ય નિપૂર્ણતાને ધ્યાનમાં લઈને તેમની કમિશનર, આદિજાતિ વિકાસના હોદ્દા પર નિમણૂક કરવામાં આવેલ, અહીં તેમણે વનબંધુ કલ્યાણયોજના હેઠળ મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાનો આદિજાતિ વિકાસ કાર્યક્રમ તૈયાર કરવામાં પાયાની ભૂમિકા નિભાવેલ. કમિશન ઓન સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ અને યુનાઈટેડ નેશન કન્વેન્શન ફોર કોમ્બટિંગ ડેઝર્ટિફિકેશનને સંબંધિત બાબતોમાં ભારત સરકારને સલાહ આપતા નિષ્ણાતોની સમિતિના તેઓ સભ્ય છે.



શ્રી વર્માએ પોતાની કારકિર્દી દરમિયાન જે તે સંસ્થાઓમાં કામગીરી કરી તેના ઊંડાણમાં જઈ દરેક કાર્યને ગુણવત્તાસભર બનાવતી કામગીરી કરેલ છે. તાજેતરમાં ગુજરાત સરકારના ઈકોલોજી કમિશનના સભ્ય સચિવ તરીકે નિયુક્ત થતાં તેમણે નવા હોદ્દાનો કાર્યભાર સંભાળી લીધો છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં તેઓશ્રીએ ભજવેલી મહત્વની ભૂમિકાને સમગ્ર કર્મચારી ગણે બિરદાવી તેમની ભવિષ્યની કામગીરી વધુ ઉજ્જ્વલ બને તે માટે શુભેચ્છાઓ પાઠવી છે. ■

# શ્રી એ.સી.પટેલ, મુખ્ય ઈજનેરનો કારકિર્દી પરિચય



શ્રી એ. સી. પટેલે તારીખ ૨૭-૭-૨૦૧૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી) તરીકે પોતાનો કાર્યભાળ સંભાળેલ છે. તેઓ શ્રી આર. જી. એન્જિનિયરના અનુગામી બન્યા છે.

શ્રી પટેલે તારીખ ૨૬-૧૦-૧૯૭૭ના રોજ વિજાપુર વિભાગીય કચેરીમાં જુનિયર ઇજનેર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી વિજાપુર પેટા વિભાગીય કચેરી, લાડોલ પેટા વિભાગીય કચેરીમાં પોતાની ફરજ બજાવેલ. તારીખ ૧૩-૭-૧૯૮૩ના રોજ ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખાતે નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવેલ ત્યાર બાદ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાં બદલી મેળવેલ. તારીખ ૮-૮-૨૦૦૦ના રોજ વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી મેળવી વીજ વિતરણ ક્ષેત્રમાં ફરી રાધનપુર વિભાગીય કચેરી ત્યાર બાદ ગાંધીનગર એએલડીસીમાં ફરજ બજાવેલ. તારીખ ૧-૧૨-૨૦૦૮ના રોજ રજિસ્ટર્ડ અને કોર્પોરેટર ઓફિસ મહેસાણા ખાતે અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવેલ. તા. ૨૫-૪-૨૦૧૧ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે પ્રોક્યોરમેન્ટ ડિપાર્ટમેન્ટમાં બઢતી મેળવેલ. ત્યારબાદ કંપનીના હિતમાં સાબરમતી ખાતે ખાસ ફરજ પરના અધિકારી તરીકે કાર્યભાર સંભાળેલ.

આમ ૩૪ વર્ષની દીર્ઘ કામગીરી દરમિયાન વીજ ઉત્પાદન તથા વીજ વિતરણ ક્ષેત્રોમાં કામ કર્યા બાદ દરેક કામગીરીમાં ખૂબ ઊંડો રસ દર્શાવી મુખ્ય ઈજનેર તરીકે કાર્યભાર સંભાળેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેઓના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા. ■

# શ્રી સી. એલ. શર્મા, મુખ્ય ઈજનેરનો કારકિર્દી પરિચય

તા. ૦૧-૦૮-૨૦૧૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે શ્રી સી. એલ. શર્માએ પોતાના કાર્યભાર સંભાળેલ છે, જેઓ શ્રી પી. જે. પટેલના અનુગામી બનેલ છે. તા. ૨૭-૦૨-૧૯૭૮ના રોજ શ્રી શર્માએ જુનિયર ઈજનેર તરીકે ભાવનગર જિલ્લાની બોટાદ પેટા વિભાગીય કચેરીમાં નિમણૂક મળતા કારકિર્દીની શરૂઆત કરેલ. ત્યાર બાદ તેઓએ ઓગસ્ટ, ૧૯૭૮માં ૧૩૨ કે.વી. વરતેજ, મે ૧૯૮૦માં ભાવનગરમાં સંચાલન અને નિભાવ વિભાગીય કચેરીમાં નોકરી કર્યા બાદ ત્રણ વર્ષ પછી જુનિયર ઈજનેર તરીકે મહેસાણા કન્સ્ટ્રક્શન વિભાગીય કચેરીમાં બદલી મેળવેલ. તા. ૧૧-૦૪-૧૯૮૪ના રોજ નાયબ ઈજનેર તરીકે ડીસા ૧૩૨ કે.વી. વિભાગીય કચેરીમાં બઢતી મેળવી. તા. ૨૯-૦૫-૧૯૮૫ના રોજ મહેસાણા કન્સ્ટ્રકશન વિભાગીય કચેરી તેમ જ ૧૯૯૪થી ૧૯૯૬ દરમિયાન ૨૨૦ કે.વી. મહેસાણા ખાતે ફરજ બજાવેલ. તા. ૦૮-૦૧-૧૯૯૬ના રોજ મહેસાણા કન્સ્ટ્રકશન વિભાગીય કચેરી, તા. ૧૭-૦૬-૧૯૯૬ના રોજ નખત્રાણા (ભૂજ) ૨૨૦ કે.વી. સબસ્ટેશન, તા. ૨૩-૦૬-૧૯૯૭ના રોજ સિદ્ધપુર કન્સ્ટક્શન પેટા વિભાગીય કચેરી, તા. ૦૩-૧૦-૧૯૯૮ના રોજ મહેસાણા કન્સ્ટ્રકશન વિભાગીય કચેરી ખાતે બદલીઓ મેળવી પોતાની ફરજો બજાવ્યા બાદ તા. ૦૪-૧૨-૨૦૦૦ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખાતે ફરજ બજાવેલ ત્યાર બાદ તા. ૧૯-૦૪-૨૦૦૨ના રોજ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે બદલી મેળવેલ અને પછી તા. ૧૯-૧૧-૨૦૦૪ના રોજ સંચાલન અને નિભાવ વિભાગીય કચેરી, મહેસાણા ખાતે બદલી મેળવેલ છે. તેઓએ ઇન્ચાર્જ અધિક્ષક ઇજનેર તરીકે ઓક્ટોબર ૨૦૦૬માં પાલનપુર ખાતે પણ ફરજ બજાવેલ.

તા. ૧૫-૧૧-૨૦૦૬ના રોજ સંચાલન અને નિભાવ વર્તુળ કચેરી પાલનપુર ખાતે અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવેલ ત્યાર બાદ તા. ૦૧-૦૧-૨૦૦૮થી અધિક્ષક ઈજનેર (ટેક) તથા તા. ૧૪-૦૯-૨૦૦૯ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર (વીજીલન્સ) તરીકે બઢતી મેળવેલ.



આમ અગાઉનું ગુજરાત વિદ્યુત બોર્ડ અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં તેઓએ કુલ ૩૩ વર્ષથી વધુ સમય માટે ફરજ બજાવીને મુખ્ય ઈજરનેર (ઓપરેશન) તરીકેનો કાર્યભાર સંભાળેલ છે.

તેઓએ કારકીર્દી દરમિયાન વીજ પ્રવહન, વીજ ઉત્પાદન તથા વીજ વિતરણ વિભાગ ત્રણેય ક્ષેત્રમાં મહત્ત્વનો અનુભવ પ્રાપ્ત કરેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેઓના નેતૃત્વ હેઠળ અને માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા. ■

# લાંબી કારકિર્દી બાદ સેવા નિવૃત્ત થતા મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી. જે. પટેલ અને શ્રી એ. જે. દલવાડી અધિક્ષક (વહીવટ)



તા. ૩૧-૦૭-૨૦૧૧ના રોજ કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે ૩૫ વર્ષની કારકિર્દી બાદ નિવૃત્ત થતા શ્રી પી. જે. પટેલ તેમ જ શ્રી એ.જે. દલવાડીનો વિદાય સમારંભ કંપનીના નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના પ્રમુખ સ્થાને એનર્જી નોલેજ સેન્ટર હોલ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે યોજવામાં આવેલ.


આ સમારંભમાં કંપનીના બઢતી પામેલ મુખ્ય ઈજનેર શ્રી એ. સી. પટેલ, શ્રી સી. એલ. શર્મા, શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી એન. એમ. જોશી, કંપની સેક્રેટરી, શ્રી સુરેશ શાહદાદપુરી, વિશેષ મુખ્ય ઈજનેર ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારી ભાઇઓ અને બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

શ્રી પી. જે. પટેલે ૩૧-૦૧-૧૯૭૬ના

**૧૯૭૬થી જુનિયર ઈજનેર તરીકે શરૂઆત બાદ ક્રમશઃ યુજીવીસીએલના ઉચ્ચ અધિકારી તરીકે સેવાઓ પ્રદાન કરી નિવૃત્ત થયેલ શ્રી પી. જે. પટેલને કર્મચારીઓ દ્વારા ભાવભરી વિદાય**

રોજ જુનિયર ઈજનેર તરીકે ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન ખાતે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખાતે તારીખ ૩૦-૧૦-૧૯૮૦ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવેલ. આ સમય દરમિયાન ૧૦ અઠવાડિયા માટે થર્મલ પાવર સ્ટેશનના મેઈન્ટેનન્સની તાલીમ લેવા માટે ઈંગ્લેંડ ખાતે કોલંબો પ્લાન હેઠળ નામાંકન કરવામાં આવેલ. ત્યાર બાદ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે બદલી મેળવેલ. ત્યાર બાદ મહેસાણા વર્તુળ ખાતે બદલી મેળવી તારીખ ૦૧-૧૦-૧૦૦૫ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે પાલનપુર ખાતે બઢતી મેળવેલ તારીખ ૧૨-૧૦-૨૦૦૬ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર અને તારીખ ૦૧-૦૩-૧૦૦૮ના રોજથી મુખ્ય ઈજનેર તરીકે તેઓએ પીએન્ડપી અને ઓપરેશનની કામગીરી સંભાળેલ.





શ્રી પી.જે. પટેલ અને શ્રી એ.જે. દલવાડીના વિદાય સમારંભમાં પ્રાસંગિક પ્રવચનમા શ્રી ડી. એમ. તિવારી ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક, શ્રી જી. યુ. પ્રજાપત્તી, અધિક્ષક ઈજનેર, શ્રી સી. એલ. શર્મા અને શ્રી એ. સી. પટેલ મુખ્ય ઈજનેરોએ તેઓની સાથે કરેલ કામગીરીના અનુભવોને યાદ કરી તેઓની સેવાઓને બિરદાવી હતી.

સમારંભના પ્રમુખ અને કંપનીના નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે તેઓના ઉદ્‌બોધનમાં જણાવેલ કે કંપનીનો કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી પી. જે. પટેલ દ્વારા તેઓને કંપનીની સંપૂર્ણ કામગીરીથી સરસ રીતે માહિતગાર કરેલ જેની નોંધ લીધેલ. પાંત્રીસ વર્ષથી વધુ સમય માટે શ્રી પી. જે.પટેલ તથા શ્રી એ. જે. દલવાડી દ્વારા આપવામાં આવેલ સેવાઓ બિરદાવી નિવૃત્તિ બાદના જીવન માટે શુભેચ્છાઓ પાઠવી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. કંપનીના ઔદ્યોગિક બાબતો સંબંધિત અધિકારી શ્રી એસ. વાય. ડામોર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ. ■

# બદલી થયેલ અને નવનિયુક્ત અધિકારીઓની યાદી

## બદલી થયેલ



**શ્રી એલ. ચુઆંગો, આઈએએસ**
પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર
જીયુવીએનએલ તથા
ડિરેક્ટર, યુજીવીસીએલ



**શ્રી દિનેશ પટેલ, જીએએસ**
પૂર્વ
ઉપપ્રમુખ (સંચાલન),
જીયુવીએનએલ,વડોદરા

## નવનિયુક્ત



**શ્રી મુકેશ પૂરી, આઈએએસ**
વર્તમાન
મેનેજિંગ ડિરેક્ટર
જીયુવીએનએલ



**સુશ્રી શાહમીના હુસેન, આઈએએસ**
વર્તમાન ડિરેક્ટર (વહીવટ),
જીયુવીએનએલ તથા
ડિરેક્ટર યુજીવીસીએલ

## નવનિયુક્ત



**શ્રી એચ. એસ. પટેલ, આઈએએસ**
મેનેજિંગ ડિરેક્ટર, દક્ષિણ ગુજરાત
વીજ કંપની લિમિટેડ-સુરત

ઉત્તર ગુજરાત વીજ કંપનીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને રાજકોટ ખાતે કલેક્ટર તરીકે ફરજ બજાવતા શ્રી એચ. એસ. પટેલની પુનઃ વીજવિતરણ ક્ષેત્રની દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્તિ થયેલ છે. તેઓએ યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર પદે તા. ૨૭-૦૧-૨૦૦૬થી તા. ૩૧-૦૩-૨૦૦૮ દરમિયાન ફરજ બજાવેલ છે.

# છઠ્ઠી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ સાબરમતી ખાતે યોજાઈ

**શ્રી એસ. એ. નાયક આસિસ્ટન્ટ મેનેજર (પી. આર.) સતત બીજી વાર ચેમ્પિયન**

તા. ૨૩ અને ૨૪ જુલાઈ ૨૦૧૧ના રોજ સાબરમતીના ટ્રેનિંગ સેન્ટરના હોલ ખાતે યોજાયેલ છઠ્ઠી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલમાં આસિસ્ટન્ટ મેનેજર (પી. આર.) તરીકે ફરજ બજાવતા શ્રી શૈલેશ એ. નાયક કે જેઓ ઈન્ટરનેશનલ ફીડેરેટિંગ ૧૬૫૯ ધરાવે છે તેમ જ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ કંટ્રોલ બોર્ડ માટે ચેસ ટૂર્નામેન્ટમાં પાંચ વખત પ્રતિનિધિત્વ કરીને બે વખત વિજેતા ટીમના સભ્ય બનેલ છે. તેઓએ ચારમાંથી સાડાત્રણ પોઈન્ટ મેળવી ચેમ્પિયન થયેલ છે.

જ્યારે જગુદણ સબડિવિઝનમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા શ્રી એચ. આર. નાયક ચારમાંથી ત્રણ પોઈન્ટ મેળવી રનર અપ થયેલ છે વિજેતા ખેલાડીઓને સાબરમતીના સહાયક સચિવ શ્રી એસ. એલ. પટેલે શીલ્ડ ટ્રોફી તથા ટીશર્ટ આપી. આગામી તા. ૦૯,૧૦,૧૧ સપ્ટેમ્બર ૨૦૧૧ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપનીના યજમાન પદે યોજનાર ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં સફળતા માટે શુભેચ્છા પાઠવેલ. ■

**ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | નામ | પદ | સ્થળ |
|---|---|---|---|
| ૧. | એસ. એ. નાયક | આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.) | રજિસ્ટર્ડ ઓફિસ મહેસાણા |
| ૨. | એચ. આર. નાયક | હેલ્પર | જગુદણ, સબડિવિઝન |
| ૩. | રિતેશ પંડ્યા | જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ) | ધોળકા, ટાઉન સબડિવિઝન |
| ૪. | એચ. એમ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પાટણ, સબડિવિઝન |
| ૫. | જી. એસ. વોરા | જુનિયર આસિસ્ટન્ટ | સિધ્ધપુર સબડિવિઝન |

**સ્ટેન્ડ બાય પ્લેયર**

| ક્રમ | નામ | પદ | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ટી. આર. પાવાગઢી | જુનિયર આસિસ્ટન્ટ | સાઠંબા, સબડિવિઝન |
| ૨. | એચ. સી. ઠાકર | જુનિયર આસિસ્ટન્ટ | સિધ્ધપુર, સબડિવિઝન |








# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ

## ધોરણ – ૧૨ (H.S.C.)



**અદિત કલ્પેનભાઈ પટેલ**
૮૭.૩૩ ટકા (એ. ગ્રુપ)
**વાલી :** શ્રીમતિ કલ્પનાબહેન કે. પટેલ
નાયબ ઈજનેર, એએલડીસી,
ગાંધીનગર



**માનસી જી. સંઘવી**
૮૨.૩૩ ટકા (એ. ગ્રુપ)
**વાલી:** શ્રી જી કે સંઘવી
નાયબ ઈજનેર,
વિસનગર – ૧ સબ ડિવિઝન



**સાગર વાય. કંસારા**
૮૪.૩૦ ટકા (એ. ગ્રુપ)
**વાલી :** શ્રી યજ્ઞેશકુમાર એ. કંસારા
સિનિયર આસિસ્ટન્ટ,
વિસનગર વિભાગીય કચેરી



**ધૈર્ય રોહિતભાઈ રાવલ**
૬૪ ટકા (એ. ગ્રુપ)
**વાલી :** શ્રી આર. પી. રાવલ
કાર્યપાલક ઈજનેર, રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

## ધોરણ – ૧૦ (New S.S.C.)



**સમર્થ રવિરાજસિંહ ઝાલા**
૯૪.૪૦ ટકા
**વાલી :** રવિરાજસિંહ ડી. ઝાલા
નાયબ ઈજનેર,
હિંમતનગર સર્કલ ઓફિસ



**દર્શિત રાજેશકુમાર મોદી**
૯૪.૨૦ ટકા
**વાલી :** શ્રી રાજેશકુમાર કે. મોદી
જુનિયર આસિસ્ટન્ટ (એમ.આર)
મહેસાણા રુરલ સબ ડિવિઝન



**ૠષભકુમાર વી. મોદી**
૯૩.૨૦ ટકા
**વાલી :** શ્રી વી. આર મોદી
જુનિયર આસિસ્ટન્ટ,
મહેસાણા સર્કલ



**સ્મિત અશોકભાઈ પરીખ**
૯૧.૬૦ ટકા
**વાલી :** શ્રી અશોકભાઈ પરીખ
સિનિયર આસિસ્ટન્ટ,
સાબરમતી સર્કલ



**આર્ષ એચ. પટેલ**
૯૦. ૪૦ ટકા
**વાલી :** શ્રી એચ. બી. પટેલ
નાયબ ઈજનેર,
નારોલ સ્ટોર



**હિમાની અરવિંદકુમાર મેવાડા**
૮૪ ટકા
**વાલી :** શ્રી અરવિંદભાઇ આર. મેવાડા
નાયબ સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટસ)
રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**રાજદીપ એ. પટેલ**
૭૩.૧૫ ટકા
**વાલી :** શ્રી અનિલભાઇ પટેલ
નાયબ ઈજનેર,
શિરોહી સબ ડિવિઝન



**જયદીપ એ. પટેલ**
૬૧.૬૫ ટકા
**વાલી :** શ્રી અનિલભાઇ પટેલ
નાયબ ઈજનેર,
શિરોહી સબ ડિવિઝન

# જાહેર વિજ્ઞપ્તિ

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના નિયંત્રણ હેઠળ આવતી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના લાયસન્સ એરિયા હેઠળ ઘર વપરાશના, વાણિજ્યક અને ઔદ્યોગિક હેતુના વીજ જોડાણ મેળવવા ઇચ્છતા અરજદારોને નમ્ર અનુરોધ કરવામાં આવે છે કે, આવા વીજ જોડાણો મળવા અંગે નીચે મુજબ મર્યાદા નક્કી કરવામાં આવેલી છે.

૧. ઘરવપરાશ અને વાણિજ્ય હેતુ માટેના વીજ જોડાણ : આ પ્રકારના વીજ જોડાણ માટે વીજ કંપનીને અરજી મળ્યાથી ૭ દિવસમાં અંદાજપત્ર આપવાની જોગવાઈ છે. અંદાજપત્ર ભરવા સહિતની તમામ ઔપચારિકતા પૂર્ણ થયેથી ૨૦ દિવસમાં અને જો લાઈનકામ વિસ્તરણને લગતી કામગીરી કરવાની હોય તો શહેરી વિસ્તારમાં ૨ મહિના અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ મહિનામાં વીજ જોડાણ આપી દેવાની સમય મર્યાદા નિયત થયેલ છે.

૨. હળવા દબાણના ઔદ્યોગિક વીજ જોડાણ (૧૦૦ કે.વી.એ/૧૦૦ કિ.વો. સુધીના વીજભાર માટે) : આ પ્રકારના વીજ જોડાણ માટે વીજ કંપનીને અરજી મળ્યાના ૧૦ દિવસમાં અંદાજપત્ર ભરપાઈ થયેલી તેમજ અન્ય ઔપચારિકતા પૂર્ણ થયેના ૨૦ દિવસમાં નહિ તો ૬૦ દિવસમાં વીજ જોડાણ આપવાની જોગવાઈ છે.

૩. ભારે દબાણના ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. થી વધુ અને ૪૦૦૦ કેવીએ સુધીના વીજભાર માટે : આવા પ્રકારના વીજ જોડાણ માટે વીજ કંપનીને અરજી મળ્યાના ૭ દિવસમાં ટેક્નિકલ શક્યતાઓ તપાસી અંદાજપત્ર આપવામાં આવે છે. ડિમાન્ડ નોટિસ અરજી મળ્યાના ૧૫ દિવસમાં તેમજ ડિમાન્ડ નોટ ભર્યા સહિતની તમામ જરૂરી ઔપચારિકતા પૂર્ણ થયેલી ૪૫ દિવસમાં વીજ જોડાણ ચાલુ કરવાની સમય મર્યાદા નિયત થયેલી છે.

૪. ભારે દબાણવા ૪૦૦૦ કેવીએથી વધુ વીજભાર માટે : આવા પ્રકારના વીજ જોડાણ માટે કંપનીને અરજી મળ્યાના ૧૫ દિવસમાં ટેક્નિકલ શક્યતાઓ તપાસી અંદાજપત્ર આપવામાં આવે છે. ડિમાન્ડ નોટિસ અરજી મળ્યાના ૩૦ દિવસમાં તેમજ ડિમાન્ડ નોટ ભર્યા સહિતની તમામ જરૂરી ઔપચારિકતા પૂર્ણ થયાના ૧૮૦ દિવસમાં વીજ જોડાણ ચાલુ કરવાની સમય મર્યાદા નિયત થયેલી છે.

આમ, રાજ્યના માનવંતા વીજ ગ્રાહકોને વધુ બહેતર વીજ સુવિધા મળી રહે માટે વીજ કંપનીઓ તત્પર છે. આથી જો કોઈ અરજદારને ઉક્ત નિયત થયેલ સમય મર્યાદમાં વીજ જોડાણ મળવામાં કોઈ મુશ્કેલી યા તકલીફ જણાય તો સંબંધિત અરજદાર લેખિતમાં તેની સંપૂર્ણ વિગતો જેવી કે અરજદારનું નામ, પત્ર વ્યવહારનુ સરનામુ, જોડાણ માગેલ હોય તે સ્થળનું સરનામુ, સબ ડિવિઝનનું નામ, અરજી કર્યાની તારીખ, રજીસ્ટ્રેશન નંબર, જોડાણનો પ્રકાર, અંદાજપત્રની તારીખ, અંદાજપત્ર ભર્યા તારીખ વગેરે માહિતી સાથેની અરજી સંલગ્ન વીજ કંપનીના મુખ્ય મથકે મેનેજિંગ ડિરેક્ટર શ્રી, કોર્પોરેટ ઓફિસને મોકલી આપવી.

તદ્ઉપરાંત સદર અરજીની નકલ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, સરદાર પટેલ વિદ્યુત ભવન, ૬ઠે માળ રેસકોર્સ, વડોદરાને (ફેક્સ-૦૨૬૫-૨૩૩૭૯૧૮, ઈ-મેઈલ cetech.@gebmail/dt.guvnl@gebmail.com પર મોકલવા વિનંતી.


**મુખ્ય ઈજનેર (ટેકનિકલ) જીયુવીસીએનએલ**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ કોર્પોરેડ ઓફિસ,વિસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧
ફોન નં. (૦૨૭૬૨) ૨૨૨૦૮૦/૮૧,
ફેક્સ નં. (૦૨૭૬૨) ૨૨૩૫૭૪,
ઇ-મેઇલ : md@ugvcl.com
corporate@ugvcl.com
ceop@ugvcl.com

# વીજ ચોરીના મામલામાં કેદની સજા

કંપની તરફથી વીજચોરી ડામવા શરૂ થયેલા ચેકિંગ દરમિયાન અનેક કિસ્સાઓ બહાર આવ્યા છે. વિજાપુર તાલુકાના જૂના સંઘપુર ગામમાં વીજચોરીનો આ કિસ્સો છે. આ ગામમાં વીજચોરી કરનારા એક રહીશને વીજચોરી કરતાં પકડાતાં છ મહિનાની કેદ અને રૂ.૧૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

જૂના સઘપુર ગામમાં દલપતસિંહ પૃથ્વીસિંહ રાઠોડે પોતાના વાડામાં આવેલા મકાનમાં વીજલાઇન પરથી સીધું જોડાણ લીધું હતું અને આ રીતે વીજચોરી કરી હતી. વીજ કંપની તરફથી થતી તપાસ દરમિયાન જાણકારી મળતાં કંપનીના નાયબ ઇજનેરે દંડાત્મક બિલ આપ્યું હતું જેની ભરપાઇ પણ કરી ન હતી. આરોપી દલપતસિંહ વિરુદ્ધ સાબરમતી વીજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ હતી. મહેસાણાના ઇલેક્ટ્રિસિટી જજે આરોપીને દોષિત ઠરાવી ઉપરોક્ત સજા ફરમાવી હતી. ■

# વીજચોરીમાં ખેડૂતોને પણ સજા



વીજચોરીને અટકાવવા માટે વીજ કંપની સતર્ક છે. કંપનીની સતર્કતાને લઇને યુજીવીસીએલ અને પાલનપુરની સ્થાનિક વીજ કચેરીના સંયુક્ત ઉપક્રમે વીજચોરી ડામવા માટે હાથિન્દ્રા ગામમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગામની સીમમાં રહેતા ડાભી દેવુસિંહ અગરસિંહના પાતાળકૂવા માટે વીજ કંપનીની એલટી લાઇન પરથી સીધું વીજ જોડાણ કરવામાં આવ્યું હતું.

વીજ કંપનીના અધિકારીઓ તરફથી તેમને રૂ.૬૧,૧૦૨નું દંડાત્મક બિલ આપવામાં આવ્યું હતું પરંતુ તે જમા ન કરાવતાં વીજ કંપનીમાં આ વિશેની ફરિયાદ નોંધાવાઇ હતી. સાબરમતી વીજ પોલીસે હથિન્દ્રા ગામથી દેવુસિંહ ડાભીની ધરપકડ કરી હતી. આ સિવાય એક અન્ય ખેડૂત ગિરધરસિંહ ઠાકોરસિંહ ડાભીએ પણ યુજીવીસીએલની એલટી લાઇનમાંથી વીજળી લીધી હતી. ગિરધરસિંહને રૂ.૩૦,૫૪૮નું દંડાત્મક બિલ આપ્યું હતું. તેમણે પણ જમા ન કરાવતાં સાબરમતી વીજ પોલીસ મથકના એએસઆઇઓએ તેમની પણ ધરપકડ કરી હતી.

ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં પાતાળકૂવાઓ પર વીજચોરી કરનારા અસંખ્ય ખેડૂતો વિરુદ્ધ વીજચોરીના કેસ ચાલી રહ્યા છે. એક વર્ષ દરમિયાન લગભગ ૧૦ ખેડૂતો વીજચોરી કરતા પકડાયા છે. ■

## અતિ ભારે વરસાદ બાદ ભિલોડા ખાતે તુરત જ વીજ વિતરણ પુનઃપ્રસ્થાપીત

યુજીવીસીએલ હિંમતનગરના કાર્યક્ષેત્ર અંતર્ગત ભિલોડા વિભાગીય કચેરીના તાબ હેઠળની ચાર પેટા વિભાગીય કચેરીઓના કાર્યક્ષેત્રમાં આવતા ગામોમાં, તારીખ ૧૦-૦૭-૧૧ના રોજ ભિલોડ પંથકમાં થયેલા અતિભારે વરસાદના કારણે વીજવિતરણ લાઇનો તથા ટ્રાન્સફોર્મર સેન્ટરને નુકસાન થવા પામેલ. તારીખ ૧૦-૦૭-૧૧ના રોજ ભિલોડા પંથકમાં થયેલા અતિભારે (આશરે ૧૨.૫ ઇંચ) વરસાદના કારણે ભિલોડા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં, ભારે દબાણની લાઇનના કુલ ૫૭ થાંભલા, હળવા વીજ દલાણની લાઇનના કુલ ૬૦ થાંભલા તેમજ ૩ ટ્રાન્સફોર્મર સેન્ટરને નુકસાન થવા પામેલ અને કુલ ૫૨(બાવન) ગામોમાં વીજપૂરવઠો બંધ થવા પામેલ.

આ તમામ બાવન ગામોમાં બંધ થયેલ વીજપૂરવઠો તારીખ ૧૧-૦૭-૧૧ના રોજ સાંજના ૧૮:૦૦ કલાકના સુમારે ચાલુ કરી દેવામાં આવેલ અને ત્યારબાદ નુકસાન પામેલ ભારે દબાણની લાઇનના ૫૭ થાંભલા, હળવા વીજ દબાણની લાઇનના ૫૬ થાંભલા અને ત્રણ ટ્રાન્સફોર્મર સેન્ટરનું સમારકામ સહિતની મહત્તમ કામગીરી તા.૧૭-૦૭-૧૧ના રોજ પૂર્ણ કરી દેવામાં આવેલ અને વીજ પૂરવઠો પુનઃપ્રસ્થાપિત કરી દેવામાં આવેલ છે. ■


## યુજીવીસીએલના કર્મચારીઓની સમયસૂચકતા–જાનહાની ટાળી



કલોલ પાસે ઇસંડમા વીજળી ત્રાટકવાને કારણે ઇલેક્ટ્રિક થાંભલા નમી પડ્યા, આ સમયે આપણી કંપનીના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને વીજપ્રવાહ બંધ કરતાં જાનહાની ટળી હતી. કલોલ તાલુકાના ઇસંડ ગામમાં કડાકા સાથે તોફાની વરસાદ વરસ્યો હતો અને વીજળી પડી હતી અને કેટલાંક સ્થળોએ વાવાઝોડું પણ ફુંકાયું હતું. આથી ગામમાં દોડધામ મચી ગઈ હતી. આ કારણે કુલ ૮ ઇલેક્ટ્રિક થાંભલા નમી પડ્યા હતા. તેની આસપાસ આવેલા વૃક્ષો પણ પડી ગયા હતા.

જ્યારે વીજળીના થાંભલા પડ્યા ત્યારે વીજપ્રવાહ ચાલુ હતો. આ કારણે ગામના લોકો ચિંતામાં પડી ગયા હતા. ગ્રામપંચાયતના સભ્યોએ તાત્કાલિક યુજીવીસીએલના કર્મચારીઓને આ અંગેની જાણકારી આપી હતી. મોડી રાત્રે યુજીવીસીએલના કર્મચારીઓ ઇસંડ પહોંચી ગયા હતા અને વીજપ્રવાહ તરત જ બંધ કરી દીધો હતો. આમ યુજીવીસીએલના કર્મચારીઓની સમયસૂચકતાને કારણે મોટી જાનહાની ટળી શકી હતી. ગામ લોકોએ આભારની લાગણી વ્યક્ત કરેલ.

ગયા ચોમાસામાં પણ ઇસંડ નજીક આવેલા પાનસર ગામમાં સ્થિત ખમલાય માતાના મંદિર પર પણ વીજળી તૂટી પડતાં મંદિરનો ઘુમ્મટ તૂટી ગયો હતો. આ વર્ષે ફરીવાર વીજળી પડવાથી ગામલોકો ગભરાયાં હતાં પરંતુ આપણી કંપનીના કર્મચારીઓએ તેમને સમયસર કાર્ય કરી બચાવી લીધાં હતાં.



# કરકસરનું મનોવિજ્ઞાન અને ફિલોસોફી

જીવનમાં પૈસો એ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. સમગ્ર ભૂલોકમાં ઈશ્વર પછી પૈસાનો નંબર આવે છે. પૃથ્વી પર તો નગદ નારાયણ જ કહી શકાય. લક્ષ્મીનું સન્માન પામેલ પૈસો જીવનમાં ધર્મ, કામ અને મોક્ષના પુરૂષાર્થમાં પણ બીજા ક્રમે છે. આ ક્રમ ખૂબ મહત્ત્વનો છે. આમાં પૈસાની ફિલોસોફીની ચાવી છે. એટલે કે પૈસાને હંમેશા બીજો ક્રમ આપવો. પહેલાં ક્રમે પરમેશ્વર અને ધર્મ મહત્ત્વના છે. પરમાર્થ સેવા અને જગત કલ્યાણનાં કામને પૈસા કરતાં પ્રાથમિકતા આપશો તો જ તમારૂં મન સંતુલિત અને સ્વસ્થ રહેશે. જો પૈસાને જ પરમેશ્વર માનશો તો તમે લક્ષ્મીના જ નહીં પણ માયાના દાસ થઈ જશો અને એક વિકટ અને ક્રોનિક માનસિક વિકૃતિના શિકાર થઈ જશો.

પૈસાની ત્રણ ગતિ છે. આવક, સંચય અને વ્યય. આશ્ચર્ય છે કે પૈસો તેનો જવાનો માર્ગ નિશ્ચિત કર્યા સિવાય આવતો જ નથી. તમારૂં મન પોકારે છે કે મારે આ લાવવું છે કે ને તે લાવવું છે. અને પછી જ પૈસા માટે શ્રમ કરો છો ત્યારે જ પૈસો આવે છે છેવટે તે વસ્તુ પાછળ ખર્ચાય પણ છે. આમ પૈસો બીજા ક્રમે જ છે.

પૈસાનું મૂલ્ય સમજવું જરૂરી છે. તમારી પાસે લાખો રૂપિયા હોય ને તમે ૫૦ કે ૧૦૦ રૂપિયા ચપટીમાં વાપરી નાખતાં ન અચકાવ એ સ્વાભાવિક છે, પરંતુ યોગ્ય નથી. તમે સાપેક્ષ અને પરાવલંબી જીવન જીવો છો.

સાચું, સ્વાવલંબી અને શાશ્વત જીવન જીવતી વ્યક્તિને, ગરીબમાં ગરીબ માણસને, પાંચ-દસ રૂપિયા કમાવવા પાડવો પડતો પરસેવો એને મહેનત દેખાય છે. તે પાંચ-દસ રૂપિયાની કિંમત એક ગરીબ મજૂરીની દ્રષ્ટિએ કરે છે. આને આપણે બે ભાગમાં વર્ગીકૃત કરી શકીએ છીએ. એક વર્ગ એવો છે જે ખૂબ જ દૃઢતાપૂર્વક પૈસાને જ મહત્વ આપે છે અને કરકસરના બદલે કંજૂસાઇનો ભોગ બને છે. તેનાથી સારાં અને સાચા કામમાંય પૈસો છૂટતો નથી. બીજો વર્ગ છે જે પૈસાનું આગવું મૂલ્ય પણ

**યાદ રહે કે કંજૂસાઈ એ કરકસર નથી અને કરકસર એ કંજૂસાઈ નથી. કંજૂસાઈ તો કટાઈ ગયેલા લોખંડ જેવી છે અને કરકસર તો ચમકતી ચાંદી છે. જ્યારે પરમાર્થ કે પૂણ્ય ગરીબ કે મજૂર વર્ગ પ્રત્યે સાચી હમદર્દી છે**

જાણે છે ને યથાસમયે યથાશક્તિ ખર્ચ પણ કરે છે. કરકસર પણ કરે છે અને વ્યાજબી ન્યાયોચિત ખર્ચ પણ કરે છે. આ એક સ્વસ્થ મનોવૃતિ છે. યાદ રહે કે કંજૂસાઈ એ કરકસર નથી અને કરકસર એ કંજૂસાઈ નથી. કંજૂસાઈ તો કટાઈ ગયેલા લોખંડ જેવી છે અને કરકસર તો ચમકતી ચાંદી છે. જ્યારે પરમાર્થ કે પૂણ્ય ગરીબ કે મજૂર વર્ગ પ્રત્યે સાચી હમદર્દી છે.

હવે ઉડાઉપણું અને ઉદારતા પણ સમજવા જેવી વસ્તુ છે. કરકસર અને કંજૂસાઈની જેમ તેમાં પણ પાતળી પરંતુ ખૂબ મજબૂત ભેદ રેખા છે. ઉડાઉપણું તો પિત્તળ જેવું છે, જ્યારે ઉદારતા સોનું છે, ભલે બંને પીળા લાગે. ઘણી શક્તિઓમાં ક્યારેક કંજૂસાઈ જોવા મળે છે તો ક્યારેક ઉડાઉપણામાં ડ્યુઅલ પર્સાનાલિટી જોવા મળે છે. તો ક્યારેક કંજૂસાઈ અને ક્યારેક ઉદારતા અથવા ક્યારેક ઉડાઉપણું અને ક્યારેક કરકસર જોવા મળે છે. યથોચિત ઉદારતા ખૂબ જ ઓછી જોવા મળે છે. પણ થોડીક સમજ પછી તે સહેલાઈથી કેળવી શકાય છે.

લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે, લોભ ને થોભ નહીં, લોભે લક્ષણ જાય વગેરે, કહેવતો એ અનુભવનાં એરણેથી બહાર પડેલા કુદરતના સર્કયુલર છે, પણ આપણે તેને ગણકારતા નથી. લોભીયો પૈસો છોડતો નથી અને લાલચ પણ છોડતો નથી તેથી તેના શરીરના કોષો પણ એવા ઘડાય છે કે શરીરનો મળ છોડી શક્તા નથી. આથી તે કબજિયાતનો ભોગ બને છે. કબજિયાતમાંથી અનેક રોગો જન્મે છે આથી ઘણાં રોગોનું મૂળ એ લોભ છે.

શરીરની રચના અને મનની તેના પરની અસરોનો જો અભ્યાસ કરવામાં આવે તો અદભૂત તારણો મળે છે અને સ્વસ્થ મનોવલણની માસ્ટર કી હાથ લાગી જાય છે. બીજી બાજુ ઉડાઉપણાની મનોવૃત્તિવાળાના શરીરમાં જરૂરી તત્ત્વો ધાતુ વગેરેનો પણ શરીર વેડફી નાંખે છે, જતું કરે છે. ચાણક્યએ કહ્યું છે કે જે ધન નાશ કરે છે તે પોતાનો સર્વનાશ કરી રહ્યો છે. આમ વિવિધ મનોવૃત્તિ ખૂબ જ સચોટ અસર શરીર પર કરે છે. જો તમે તમારું કામ બીજા પર નાંખવાની વૃત્તિ ધરાવો તો તમારા શરીરના અંગો પણ અંદર અંદર રાજરમત રમે છે. યકૃત તેનો લોડ કિડની પર નાંખશે, કે ફેફસાં પર નાખશે. આ બધી વિચારણા માંગી લે તેવી બાબતો છે.

એક દ્રષ્ટિએ વિચારીએ કે આટલી બધી મોંઘવારી શા માટે? ખરેખર તો એ ભ્રષ્ટાચાર-પાપાચરનું પરિણામ છે અને જો દાદા ભગવાનની ભોગવે તેની ભૂલ ના ન્યાયે જોઈએ તો આપણાં સંચિત કર્મો જ એવા છે કે આપણે તે ભોગવવાના છે. બીજી રીતે જોઈએ તો આપણે અત્યાચાર મૂંગે મોઢે સહન કરીએ છીએ, વિરોધ કરતા નથી અથવા મોંઘવારીનો રસ્તો ભ્રષ્ટાચાર કે કૂટનીતિપૂર્વક ગરીબોનું શોષણ કરી આપણું ગાડુ ગબડાવ્યે રાખીએ છીએ એનું જ આ પરિણામ છે. આ ખૂબ જ આત્મઘાત છે અને લાંબો સમય ચાલવાનું નથી. આનો અંત અત્યંત દારૂણ અને ખોફનાક છે. કારણ કે જગતની તમામ ક્રાંતિઓ ભૂખમાંથી જન્મી છે અને તે ક્રાંતિને તમે ભડકાવી

રહ્યાં છો. સાવધાન આ બાબતને પ્રોત્સાહન ન આપો. ખોટા ખર્ચમાંથી પાછા વળી જરૂરિયાતવાળાનો મદદ કરો. આ પુણ્ય જ કદાચ આડુ આવશે.

કરકસર (મોંઘવારીનો સામનો) પર લખી રહ્યો છું ત્યારે કરકસરના ઉપાયો જાણો એ પહેલાં તમે તે બાબતે ચિંતન કરી દઢતાપૂર્વક સંકલ્પ કરો એ મારા માટે ખૂબ મહત્ત્વનું છે પચાસ ટકા સફળતા તો તમારા સંકલ્પ થકી મળી જ જશે. કારણ કે જહાં ચાહ હૈ વહાં રાહ હૈ. તમે નક્કી કરશો એટલે તમારૂં મન તો તમારો દાસ છે. તે તે દિશામાં અનેક માર્ગો શોધી નાખશે. અનેક સાહિત્યો, સલાહ સૂચનો, ટિપ્સ વગેરે નોંધ કરી લેશે, અમલ કરશે. એટલું જ નહીં બીજાને પણ તેનો અમલ કરવા પ્રેરશે.



કરકસર એ ટીકાપાત્ર બાબત નથી એને ખરેખર તો સન્માનની દ્રષ્ટિએ જોવાની જરૂરિયાત છે. આજે તો ઉડાઉપણાની બોલબાલા છે અને કંજૂસિયા તથા કરકસર કરનારને સમાન દ્રષ્ટિએ ટીકા કરવામાં આવે છે આ બાબતે સામૂહિક જાગૃતિ લાવવાની આજના સમયની (મોંઘવારીના જમાનાની) પ્રચંડ માંગ છે. કદાચ ઉડાઉપણાના બદલે ઉદાર માણસની થોડી ટીકા થશે અને કંજૂસિયાના ક્યાંક વખાણ થઈ જશે તોય વાંધો નથી. પણ કરકસરને આજે રાષ્ટ્રીય સન્માન આપવાની જરૂર છે. કરકસર કરનારને એવોર્ડ આપી જાહેર સન્માન કરવું જોઈએ. કારણ કે આ સામૂહિક મનોવલણ તોડવાનો સંનિષ્ઠ પ્રયાસ લેખાશે. લોકોનું જો મનોવલણ જ બદલાય તો ક્રમસેક્રમ વધેલી મોંઘવારીના ૨૦ ટકા તો ઘટાડો સમજી જ લેવો. કારણ કે આની દૂરોગામી વિધાયક અસરો છે. કરકસર કંજૂસાઈ ન બને તથા ટેન્શન વગર કરી શકાય તો તે માત્ર કરકસર નથી રહેતી તેની ક્વોલિટી બદલાઈ જાય છે. આપણે તેને સમ્યક કરકસર કહીશું. સાદી કરકસર એક રીતે તણાવ, સંકુચિત અને ત્યાગની દ્યોતક હોય એવું લોકો માને છે.

ઈકોનોમિક્સ (અર્થશાસ્ત્ર)નો મજબૂત આધાર ઈકોનોમી (કરકસર) છે. આ બાબતે લોકોને અનેકવિધ કરકસર એ બીજો ભાઈ અને ત્રેવડ એ ત્રીજો ભાઈ છે. આ કહેવતો પણ મહત્ત્વની અને નોંધપાત્ર છે.

આડની કમ્મર તોડ મોંઘવારીમાં મધ્યમવર્ગ લુપ્ત થઈ રહ્યો છે ક્રીમી અને નોનક્રીમી લેયરમાં જનસમૂદાયનું વિભાજન થઈ રહ્યું છે. ઘણાં કુટુંબોની વાસ્તવિકતા અત્યંત કરૂણાજનક છે. સામાજિક પ્રતિષ્ઠા, સ્વમાન અને જમાના સાથે તાલમેલ રાખવો અત્યંત વિકટ છે. આવા માણસોની વ્યથાનો પણ જો તમને અહેસાસ ન હોય તો એવું કહી શકાય કે તમે ઓછા સંવેદનશીલ છો.

**– શ્રી આર. એમ. લેઉઆ,**
જુનિયર ઈજનેર, જેટકો, વિજાપુર

## શ્રી આર. બી. પટેલ, નાયબ ઈજનેર, યુજીવીસીએલએ, મહેસાણાને ગૌરવ અપાવ્યું

શ્રી આર. બી. પટેલ, નાયબ ઇજનેર, યુજીવીસીએલ, મહેસાણાને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા દ્વારા એવોર્ડ પ્રાપ્ત થયા છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા કર્મચારીઓ પાસેથી ટ્રાન્સફોર્મર ફેઇલ્યોર રેટ ઘટાડવા તેમ જ ટ્રાન્સફોર્મર મેઇન્ટેનન્સ ખર્ચ ઘટાડવા માટે ઘડેલ સૂચન યોજના અંતર્ગત આવેલ સૂચનાઓની ચકાસણી કરવા માટે તથા શ્રેષ્ઠ સૂચનોના અમલ માટે નીતિ ઘડવાના અત્યંત મહત્ત્વના કાર્યમાં શ્રી પટેલે અમૂલ્ય પ્રદાન આપ્યું છે. આ માટે તેમને સન્માનિત કરવામાં આવેલ.





GETCO
GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED

**પ્રમાણપત્ર**

૨૨૦ કે. વી. માથાસુર સબ સ્ટેશનને નિયત સમય મર્યાદા કરતાં ઓછા સમયગાળામાં કાર્યાન્વિત કરવા બદલ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.ને કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રાલય તરફથી ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ માટે ભારતના માનનીય વડાપ્રધાનના હસ્તે એવોર્ડ મળેલ છે. આ કામગીરીમાં આપે જે અમૂલ્ય યોગદાન આપેલ છે તે બદલ તમો શ્રી આર. બી. પટેલ ને આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આપશ્રીના અથાગ પુરૂષાર્થ, કૌશલ્ય, ઉત્કૃષ્ઠ કામગીરી તેમજ ઉમદા કાર્યકુશળતાથી જ સરકારશ્રીએ આપણામાં મૂકેલ વિશ્વાસ સંપાદન કરવામાં આપણે સફળ રહ્યા છીએ, જે બદલ હું આપને હૃદયપૂર્વક બિરદાવું છું. આશા છે કે, આવનારા પડકારોમાં પણ આપશ્રી આ જ પ્રકારે ખૂબ જ સુંદર કામગીરી દ્વારા કંપનીની ઉત્તરોત્તર પ્રગતિમાં આપનો ઉમદા ફાળો આપશો.

સ્થળ : ૨૨૦ કે.વી. સબસ્ટેશન, ભુતિયા (માથાસુર)
તારીખ : ૦૮-૦૪-૨૦૦૭

(એસ.કે. નેગી)
મેનેજિંગ ડિરેક્ટર
જેટકો લિ., વડોદરા

આ ઉપરાંત ૨૨૦ કે.વી. માથાસુર સબ સ્ટેશનને નિયત સમય મર્યાદા કરતા ઓછા સમયગાળામાં કાર્યાન્વિત કરવા બદલ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ તરફથી ભારતના માનનીય વડાપ્રધાનના હસ્તે એવોર્ડ મળેલ છે. શ્રી પટેલના અથાગ પુરૂષાર્થ, કૌશલ્ય, ઉત્કૃષ્ઠ કામગીરી અને ઉમદા કાર્યકુશળતાને લીધે સરકારનો વિશ્વાસ સંપાદન કરી શક્યા છે. તેઓ આવનારા પડકારોનો પણ સામનો કરી શકે તેવાં સક્ષમ છે.

# જીવન જીવતાં આવડે તો




જીવન કંટાળાજનક છે, જીવનમાં મજા આવતી નથી, જીવનની નિષ્ફળતાઓ મારે માથે જ ખડકાય છે, લોકો કેટલા આનંદથી જીવે છે અને મારે માટે બોઝિલ જીવન! સામાન્ય રીતે પ્રત્યેક વ્યક્તિની જીવન માટે, પોતાની વર્તમાન પરિસ્થિતિ માટે આવી ફરિયાદ તો હોય જ છે. એ એક કરૂણતા છે કે માનવી પળ માત્રમાં ઉદાસ થઇ શકે છે પરંતુ આનંદના હિંડોળે ઝૂલવા માટે લાંબો સમય જરૂરી બને છે. ભવિષ્ય માટે રચેલી યોજનાઓમાંથી એકાદ તૂટે તો માણસ સર્વસ્વ લૂંટાઇ ગયાની અનુભૂતિ કરે છે. મળેલી વસ્તુઓ પર લક્ષ આપવાની તો તેને ફુરસદ હોતી જ નથી. આથી જ જીવન પ્રત્યે કંટાળાની ફરિયાદો સતત વધતી જ રહી છે, સતત વધારે ધ્યાનથી અને થોડુંક તટસ્થતાથી વિચારીએ તો જીવનની નિરર્થકતા વિશેની ફરિયાદો મહદંશે નિરર્થક જ હોય છે. માણસ માત્રની અપેક્ષાઓ વધારે હોય છે. તમામ પાસે પોતે જાણે આસમાનના તારા પણ લાવી શકે ને સૂર્યને પણ મુઠ્ઠીમાં રાખી શકે એમ વિચારીને કલ્પનાઓનો અતૂટ દોર શરૂ થઇ જાય છે. કલ્પના કરવાની પણ મજા આવતી હોય છે. તેથી તેને અટકાવી શકાતી નથી, જરૂર પણ લાગતી નથી. પરંતુ હકીકત તો તેની વિપરીત દિશામાં જ હોય છે અને આથી જ જીવન દર્દની દુનિયા લાગે છે. ખાસ કરીને યુવાન વયે વારાફરતી જુદા જુદા દ્રષ્ટિકોણ ધરાવતા તબક્કાઓમાંથી પસાર થવાનું હોય

**સામાન્ય રીતે પ્રત્યેક વ્યક્તિની જીવન માટે, પોતાની વર્તમાન પરિસ્થિતિ માટે આવી ફરિયાદ તો હોય જ છે. એ એક કરૂણતા છે કે માનવી પળ માત્રમાં ઉદાસ થઇ શકે છે પરંતુ આનંદના હિંડોળે ઝૂલવા માટે લાંબો સમય જરૂરી બને છે**

છે. યુવાની છે જ એવી જેમાં કોઇ પણ પ્રકારની નવીન વિચારસરણી શરૂઆતમાં આકર્ષે, ત્યારબાદ બધું વેડફાયેલું લાગે. આવી ગુમાવાઈ ગયેલી પળો પણ શાંતિથી ઝંપવા ન દે અને પરિણામે ખાલી ખમ પડેલી જગ્યા નિરર્થક વિચારોનું વમળ જગાવે છે. ક્યારેક પ્રેમનો તબક્કો, ક્યારેક એકલતાની પસંદગી તો કોઇકવાર નાસ્તિકતાનું ચક્કર, દુનિયા આખીને સુધારવા માટે સર્વસ્વ ત્યાગવાનું સ્વપ્ન પણ કંઇકવાર, પરંતુ સરવાળો? હંમેશાં શૂન્ય! આવા બધા જ ભ્રમ જીવન પ્રત્યેની ફરિયાદો વધારતાં જ રહે છે. હકીકતમાં જીંદગી જેવી છે, જે પરિસ્થિતિમાં છે, જ્યાં આપણે છીએ ત્યાં જ વગર ઉંહકારે જીવવું એ પણ એક કળા છે જ. સાત્વિક આનંદ તો એમાં જ છે. આવતી જતી પરિસ્થિતિ અને બનતા જતાં પ્રસંગોની વચ્ચે સુખમય રીતે જીવવાનો માર્ગ તો છે જ અને આવી રીતે સ્થિતપ્રજ્ઞ બનીને. બહુ વધારે વિચારીને પણ છેવટે તો પરેશાન થવું પડે છે અને તેથી જ અભણ કે ઓછું ભણેલું દંપતી મોટે ભાગે સફળ રહ્યું છે. ભ્રામિક તબક્કાઓમાંથી છૂટીને જ સાચી રીતે જીવવાનો આનંદ પ્રાપ્ત થઇ શકે છે, જીંદગીમાંના ધબકારના અસ્તિત્વની અનુભૂતિ થઇ શકે. નક્કી કરીને લાંબી વિચારસરણી બાદ શરૂ કરેલા કાર્યો ક્યારેક એટલાં સફળ નથી થતાં જેટલી સફળતા મળે છે, આકસ્મિક કાર્યોને. નક્કી કરીને, વિચારી વિચારીને આ જીવનપથ પર સાવચેતીથી કદમ ન મંડાય, અહીં તો જરૂરિયાત છે કૂદી પડનારાઓની, ઝંપલાવનારાઓની, અને પછી જુઓ, રહે છે કોઇ ફરિયાદ જીવન માટે ખુશી મેળવવા માટે, વિષમ પરિસ્થિતિમાં પણ હસવા માટે તો આપણે સર્જાયા છીએ, આફતોમાંથી પણ માર્ગ કાઢીને સફળતા મેળવવા માટે તો આપણે જીવીએ છીએ અને તો પછી જીવન વિશેની ફરિયાદો શા માટે? એવી ફરિયાદો હોવી જ ન જોઈએ, ખુશી આનંદ, સફળતા આપણી આસપાસ જ છે, માત્ર તેને પકડવા માટે ખંતથી, સાચી લગનથી ઉદ્યમ કરવાનો છે. આનંદની આવી પળોમાં તો આપણે સૌએ જીવવાનું છે, તમામ પળોને મહેકાવવાની છે. મૃત્યુ પણ જલી ઉઠે એવી રીતે જીવવાનું છે આપણે નહીં કે ઉદાસી, એકલતા કે વિરહની નકામી ક્ષણોમાં...

–**શ્રી એચ. બી. પટેલ**, નાયબ ઇજનેર, નારોલ સ્ટોર



## બાળપણ

બાળપણને ટેકરે ફરી ચડી,
જાણે હું આવ્યો આભને અડી.

હાથવેંતમાં આ ચાંદો સુરજ,
ને વાદળમાં પછાડે કોણ દડી.

નદીમાં જળ તો નથી સહેજે,
આવ્યો કિનારે રખડી રખડી.

થોડા છબછબીયાં કરી લઇએ,
કેઇ ભરાવોને અહી તલાવડી.

થાય અચરજ આજે ય એવુ,
ક્યાંક વૃક્ષો પર વીજળી પડી.

નિશાળમાં ભણાવેલુ ઘણુબધુ,
યાદ રહી બસ એક અંતકડી.

**ઘનશ્યામ પટેલ,**
નાયબ ઇજનેર, વીજાપુર, વિભાગીય કચેરી

## પત્ર

એક પત્ર,
થયું લાવ સળગાવી દઉ,
સળગી જશે,
એની સાથે,
એક માત્ર, યાદ તારી,
સળી ચાંપી, પ્રગટી જવાળા,
સળગી ઉઠ્યો પત્ર,
ને, હું પણ,
આ જોઈ,
આંખોથી ન રહેવાયું, ન સહેવાયું,
ને સરી પડ્યાં,
બે અશ્રુબિંદુ,
તે અશ્રુબિંદુ, પડ્યું પત્ર પર,
ને બુઝાવી જેણે,
આખરી જવાળા,
થયું, એવું તે શું હશે,
કે થવા ન દીધું નષ્ટ,
જેને મુજ અશ્રુએ,
ધ્યાનથી જોયું,
તો, હતું માત્ર,
નામ તારૂ.



**એસ. બી. લીમ્બાચીયા**
નાયબ ઈજનેર,
આર.એસ. ઓ.
મહેસાણા.



## કલમ તું જ આધાર

ટેબલે પડ્યો કાગળ ઉચ્ચરે,
રે કલમ મુજ જીવન તુજ ઉપરે.

ખરે તારી ક્રિયા મુજ આધાર,
કલમ તું - જ મુજ આધાર.

જો તું યાદી ઉતારી જીવનની,
ભરે ફોરમ કાળજે મધુવનની.

તો ખચીત અમર બનું ત્યાં,
વસે વનજીવનના ચાહકો જ્યાં.

તું લખે કદી કોઇ અમર બોલ,
સાચે મારે વધે માન ને મોલ.

ક્યારેક તું લખી વર્ષાવે અગનજ્વાળ,
ભોગ લેવાય જો વાંચે એ મવાળ.

અંતે તને એટલું જ પ્રાર્થુ કે,
જગવજે નાદ એવો તું લખાણે.

કે ઉજ્જવળ બને મુજ હસ્તી,
ને સમાજે છવાય સુખ મસ્તી.

**ઘનશ્યામ પટેલ,**
નાયબ ઇજનેર, વીજાપુર, વિભાગીય કચેરી

**એક પ્રખ્યાત સમાજ વૈજ્ઞાનિકનું કહેવું છે કે સફળતા એક અમૂર્ત વિષય છે એને તોલવા માટે કોઈ ત્રાજવા ઉપલબ્ધ નથી, તો પણ લોકો એણે તોલે છે. સફળતાને તોલવા માટેનું મીટર એમની સંસ્કૃતિ ઉપરાંત આર્થિક સ્થિતિ હોય છે. આ જ તત્ત્વોનો આધાર માની તેઓ પોતાની તુલના બીજી વ્યક્તિ સાથે કરે છે અને પોતાની સફળ–તા અથવા અસફળતાને નક્કી કરે છે.**



# જે વિચારીએ છીએ તે પ્રાપ્ત કરી શકીએ છીએ

સફળ કોણ છે? સામાજિક કાર્યકર્તા જે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા ગામડાંના બાળકોને શિક્ષણ આપે છે, અથવા એ વ્યક્તિ જે લાખો-કરોડોનો ઉદ્યોગપતિ અને એશો-આરામની જીંદગી જીવી રહ્યા છે, પેલા વર્કર જે પોતાના માટે ઘર બનાવી અને પોતાના સંતાનોના લગ્ન કરી, બધા કામ પૂરા કરી નિવૃત્ત થઈ ચૂક્યાં છે, અથવા પેલા વિદ્યાર્થી જેણે આઈએએસની પરીક્ષા પાસ કરી છે, અથવા પેલો ખેલાડી અથવા ઉદ્યોગપતિઓ જે એક સફળતા પછી પણ બીજી સફળતા માટે બેચેન રહે છે.

આ પ્રશ્નનો ઉત્તર તમને અલગ અલગ મળશે જેમ કે કોઈ કાર્યકર્તાને, તો કોઈ ઉદ્યોગપતિ તો કોઈ વર્કરને, અથવા કોઈ વિદ્યાર્થીને સફળ માને છે. કોઈને માટે એક જ સફળતા ઘણી છે, તો બીજાને માટે એક સફળતા પછી બીજી સફળતા અને પછી ત્રીજી સફળતા, ચોથી સફળતા જોઈતી હોય છે. આમ, દરેક વ્યક્તિ માટે સફળતાના અલગ-અલગ અર્થ હોય છે.

તો પછી પૂર્ણ સફળતા શું છે? આ શબ્દનો મનોવૈજ્ઞાનિક, વ્યવહાર વૈજ્ઞાનિક, દાર્શનિક, ધર્મ, સમાજ વૈજ્ઞાનિક, માનવશાસ્ત્રી, પ્રેરક ગુરૂઓ પોતાની રીતે વ્યાખ્યાયિત કરે છે.

- જે પથ્થર નડતો હોય તેને જો પગથિયું બનાવતાં આવડી જાય તો એ પથ્થર મંજિલ સુધી પહોંચાડી દે છે અને સફળતાની ટોચ ઉપર પહોંચાડી દે છે. આ સુવિચાર દરેક વ્યક્તિ સમજી લે તો તેને પોતાની મંજિલ સુધી પહોંચવામાં ક્યારેય કોઈ મુશ્કેલી નડતી નથી.
- સામાજિક વિજ્ઞાન આ પ્રશ્નને અર્થની સ્થિતિ જણાવે છે. સમાજ વૈજ્ઞાનિકોના અનુસાર સફળતા એક વિચાર છે, એક વિચારધારા છે જે તેને મહેસૂસ કરવાવાળી વ્યક્તિ પર આધાર રાખે છે.
- સફળતા એ એવી સ્થિતિ છે જ્યાં વ્યક્તિ સ્વયંને જોવા ઈચ્છે છે. કોઈને માટે નવી સરસ કાર, વિદેશમાં રજાઓ માણવા જવું, નવું ઘર, નવી નોકરી સફળતાના ક્ષેત્રમાં આવે છે. જો વ્યક્તિ પાસે આ બધી વસ્તુઓ નથી હોતી તો તે આ બધી વસ્તુઓને પામવા માટેના સંસાધનો અને તકની શોધમાં લાગી જાય છે. ઘણા લોકોને બહુ જ વધારે પૈસા, સ્વતંત્રતા, ઐશ્વર્ય જેવી વસ્તુઓની આવશ્યકતા હોતી નથી, આવા લોકો જીવનમાં મળતી નાની-નાની વસ્તુઓથી સફળતાનો અનુભવ કરે છે.
- મનોવૈજ્ઞાનિકો કહે છે કે કોઈ વસ્તુને પામવી એ આંતરિક સ્થિતિ છે બહારની નહીં. એ સાચું છે કે બહારની વસ્તુ આંતરિક સ્થિતિને પ્રેરણા આપે છે, પરંતુ અંતતઃ જે સફળતા અંતરમનમાં મહેસૂસ થાય છે, એ જ સૌથી મહત્ત્વપૂર્ણ છે. ઘણા લોકો સફળતા અને ધનને એક સમાન માની લે છે.
- અર્થશાસ્ત્રીઓ જે લોકો રૂપિયાના જોર પર દરેક ઝંખના પૂરી કરવાની તાકાત રાખતા હોય તેને સફળ માને છે.
- ભારતીય વિદ્વાનના કહ્યા અનુસાર સફળ

એ વ્યક્તિ છે કે જે પોતાની ઈચ્છાઓ પર કાબુ રાખે છે. સમાજવિજ્ઞાનીઓ તેને તુલનાત્મક સ્થિતિ માને છે, ચાણક્યએ અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે સામાન્યની વચ્ચે પોતાની યોગ્યતાને સાબિત કરવી જ સફળતા છે.

- મનુષ્યના વિચારો અને સફળતાને જોવાની ક્ષમતામાં સફળતાનું રહસ્ય છુપાયેલું છે. અમેરિકાના પ્રખ્યાત મનોવિજ્ઞાની કહે છે કે, આપણે જે વિચારીએ છીએ તે પ્રાપ્ત કરી શકીએ છીએ. પ્રત્યેક વ્યક્તિની અંદર ભાવનાઓની એવી આંતરિક શક્તિ છે, જે તેમને કોઈ પણ સમસ્યાથી લડવામાં મદદ કરે છે, તે આર્થિક નબળાઈમાંથી બહાર આવી આત્મનિર્ભર બની શકે છે.
- એક પ્રખ્યાત વ્યવહારવિજ્ઞાની સફળતાનો અર્થ સમજવા માટે સૌથી પહેલાં મનુષ્યની પ્રકૃતિને સમજવાની વાત કરે છે. તેઓના કહેવા અનુસાર મનુષ્યના વિચારવા, સમજવા, સમીક્ષા ઉપરાંત પ્રતિક્રિયા કરવાના ઉપાય અલગ-અલગ હોય છે. આમાં શરીરનાં ત્રણેય ભાગ-શરીર, આત્મા અને પ્રવૃતિ કામ કરે છે. આ જ તેમને સફળતાનો અનુભવ કરાવે છે.
- મોટા ભાગના સલાહકારો આપણી પાસે એવો આગ્રહ રાખે છે કે સફળતા એક લાગણીશીલ સમજ અને જીવનમાં સફળતાનું સુખ સારી આગાહી છે. આ તાર્કિક સમજથી વધારે જટિલ હોય છે. વિજ્ઞાની આ વાતની પુષ્ટિ કરે છે કે આકર્ષણ જ સફળતા મેળવવા માટે પ્રેરિત કરે છે. જેના કારણે આપણને બહારની વસ્તુઓ પર વધારે નિર્ભર રહેવું પડતું નથી.



- અગણિત અધ્યયનોમાં આ વાત સાબિત થાય છે કે લોકોના ઉત્તરાધિકાર, અચાનક લોટરી અથવા કોઈ પ્રકારથી મળતા રૂપિયા થોડાક વર્ષોમાં પૂરાં થઈ જતાં હોય છે અને તેમને પોતાની શરૂઆત શૂન્યથી કરવાની હોય છે.
- અસફળતાનો ડર મનોવૈજ્ઞાનિક ડર છે, જે વ્યક્તિને પહેલાથી હાર માનવા ઉકસાવે છે. ખેલ મનોવૈજ્ઞાનિકના અનુસાર,સફળતાની જેમ અસફળતા પણ આંતરિક ધારણા છે. આ પ્રત્યેક વ્યક્તિની માનસિક સ્થિતિનો ભાગ છે. આપણે જે વિચારીએ તેવું થાય છે. અંતમાં પરિણામ એણે અનુસારીને આવે છે, આ વાત સામાન્ય લોકોના જીવન પર લાગુ પડે છે. એક નાનકડી ક્ષણ જે જીતથી એક કદમ દૂર હોય છે, આ ક્ષણમાં જે નિર્ણય આપણે લઈએ છીએ તે આપણને અસફળતાનો કલંક લગાવી દે છે અથવા તો વિજયની માળા પહેરાવે છે.
- મોટાભાગના લોકો સફળ થતા અટકી જાય છે અને તેમનો પ્રયાસ શૂન્ય પર આવી પૂરો થઈ જાય છે. હાથમાં આવે છે તો ફક્ત અસફળતા. અસફળતાની જેમ સફળતા પણ એક ગતિશીલ સ્થિતિ છે. આજે જે સફળ છે તે કાલે અસફળ પણ થઈ શકે છે. સફળ વ્યક્તિઓએ પોતાની સફળતાના મૂળમંત્ર કહેતાં કહ્યું છે કે સફળતા પ્રાપ્ત કરવી જેટલી મુશ્કેલ છે તેટલી જ મુશ્કેલ તેને ટકાવી રાખવી છે. ■




**ઓસ્ટ્રેલિયાના મનોવૈજ્ઞાનિક દ્વારા બાસ્કેટ બૉલ ખેલાડીઓ પર એક પ્રયોગ કરવામાં આવ્યો જેમાં તેમણે ખેલાડીઓના ત્રણ સમૂહમાં ભાગ અ,બ,ક, માં વહેંચી દેવામાં આવ્યાં. સમૂહ 'અ' ને તેમણે રોજ ૨૦ મિનિટ સુધી ફ્રી થ્રો નો અભ્યાસ કરવાની તક આપી, સમૂહ 'બ' ને તેમણે અભ્યાસ કરવાની સલાહ આપી, અને સમૂહ 'ક'ના ખેલાડીને રોજ ૨૦ મિનિટ સુધી માનસિક રીતે અભ્યાસ કરવાનું કહ્યું. અંતે પરિણામમાં જોયુ કે સમૂહ 'અ'ના ખેલાડીઓની ફ્રી થ્રો ક્ષમતામાં ૨૫ ટકા સુધારો થયો. જ્યારે 'બ'ના ખેલાડીઓમાં કોઈ સુધારો થયો નહીં, પરંતુ સમૂહ 'ક'ના ખેલાડીઓમાં ૨૪ ટકા સુધારો થયો હતો. 'અ' સમૂહ અને 'બ' સમૂહ બંને સમાન હતા કારણ કે 'બ' સમૂહ બાસ્કેટબૉલના મેદાનમાં ગયા જ ન હતા. પરંતુ આ પ્રયોગ દ્વારા સાબિત થાય છે કે આપણું મસ્તિષ્ક મુશ્કેલથી પણ મુશ્કેલ લક્ષ્યને પૂર્ણ કરી શકે છે. બસ, આમ જ તમે દરેક ક્ષણ તૈયાર રહો. અબ્રાહમ લિંકનને એકવાર કહ્યુ હતું કે સફળ લોકોના ટકા ત્યારે વધી જાય છે જ્યારે તે પોતાના મસ્તિષ્કને કામ માટે તૈયાર કરી લે છે.**

# એનર્જી અને વૃક્ષો

**આપણે સૌ જાણીએ છીએ કે સુંદર બાગમાં સુંદર વૃક્ષો જોવા આપણને સૌને ગમે છે. પરંતુ શું આપ જાણો છો કે ઘરની આસપાસ વૃક્ષો વાવવાથી એનર્જી બચે છે અને વાયુપ્રદૂષણ ઘટે છે.**





**એનર્જી બચત :** મોટાં ઘટાદાર વૃક્ષો જો ઘરની આસપાસ ઉગાડ્યાં હોય તો તેનાથી ઉનાળામાં ઠંડક મળે છે અને જો તે આખા ઘર પર છાયા આપતાં હોય તો એર કંડિશનર કે કુલરની જરૂર પડતી નથી, આમ વીજબચત થાય છે.

વળી વૃક્ષો શિયાળામાં હૂંફ આપે છે. અનેક શાળાના મકાનોની આસપાસ જો વૃક્ષોની કતાર હોય તો ઠંડી હવા મકાનમાં આવતી નથી.

**વાયુપ્રદૂષણ ઘટાડે :** હવામાં કુદરતી રીતે કાર્બન ડાયોક્સાઇડ હોય છે પરંતુ ફેક્ટરી, કાર, ટ્રક વગેરે દ્વારા વધુ કાર્બન ડાયોક્સાઇડ હવામાં ફેલાય છે. વૃક્ષોનો મુખ્ય ખોરાક કાર્બન ડાયોક્સાઇડ છે અને તે પ્રાણવાયુ છોડે છે તેથી જો વૃક્ષો વાવીએ તો પ્રાણવાયુનું પ્રમાણ વધી શકે અને કાર્બન ડાયોક્સાઇડ ઘટી શકે. દરેક શાળામાં વિદ્યાર્થીઓએ વૃક્ષો રોપવાના કાર્યક્રમ કરવા જોઇએ અને દરેક વિદ્યાર્થીએ પોતાના ઘરમાં પણ નાના મોટાં છોડ વાવવા જોઇએ.

અહીં એક ઘરનું ચિત્ર આપ્યું છે. તેમાં ઊર્જા વેડફવાના ત્રણ રસ્તા બતાવ્યા છે અને બે વીજ બચાવવાના બતાવ્યા છે. શું તમે તે શોધી શકશો?

# બાળકો માટે ઈલેક્ટ્રિસિટી અને સુરક્ષા

**દરેક બાળકને ઈલેક્ટ્રિસિટીથી થતા અકસ્માત વિશે અને તેના જોખમો વિશે ખબર હોવી જોઇએ. નાના બાળકો લાઇટ્સ, તેના આઉટલેટ્સ અને વાયરો તરફ કુદરતી રીતે જિજ્ઞાસાવશ આકર્ષિત થાય છે. તેમને સુરક્ષિત રાખવા તેમને ઈલેક્ટ્રિસિટી વિશે જ્ઞાન આપવું જરૂરી છે.**

**ઈલેક્ટ્રિસિટી ધરતી પર પહોંચવાનો નાનામાં નાનો રસ્તો પસંદ કરે છે પછી તે તમારા થકી પહોંચાતું હોય તો પણ તે તે રીતે પહોંચી જાય છે.**

### ઘરની અંદર સુરક્ષા રાખવાના કેટલાંક બિંદુઃ

- કોઇપણ ઈલેક્ટ્રિકલ ઉપકરણને ભીના હાથ વડે પકડવું નહીં.
- પગમાં ચંપલ કે જૂતા પહેર્યા વગર ઈલેક્ટ્રિકલ ઉપકરણને અડકવું નહીં.
- ઈલેક્ટ્રિક કરંટ ચાલુ હોય ત્યારે તૂટેલા કે જૂના વાયરોને હાથ લગાવવો નહીં.
- પ્લગને તેના માપના સોકેટમાં જ નાખવો, અન્ય સોકેટમાં નાખવાનો પ્રયત્ન ન કરવો.
- ઈલેક્ટ્રિકલ આઉટલેટમાં આંગળી અથવા ઈન્સ્યુલેશન વગરનું કોઇ સાધન નાખવું નહીં.
- બલ્બ બદલવો હોય કે ટ્યૂબ બદલવી હોય તો જાણકાર વ્યક્તિને બોલાવવો અથવા કોઇ મોટી વ્યક્તિએ તે કામ કરવું.
- બલ્બ કે ટ્યૂબ બદલતી વખતે તેની મુખ્ય સ્વીચ બંધ રાખવી.
- ઈલેક્ટ્રિક ઉપકરણને લીધે આગ લાગવાની શરૂઆત થતી હોય તો સૌ પ્રથમ મેન સ્વિચ બંધ કરવી અને ત્યારપછી ફાયર અને ઈલેક્ટ્રિક વિભાગના જાણકાર લોકોનો બોલાવવા.
- ઈલેક્ટ્રિક ઉપકરણને લીધે આગ લાગી હોય તો પાણીથી હોલવવાના પ્રયત્ન ન કરવો.

### ઘરની બહાર સુરક્ષા રાખવાના કેટલાંક બિંદુઃ

- ઈલેક્ટ્રિક પોલ પર, ટ્રાન્સમિશન ટાવર પર કે ઈલેક્ટ્રિક ફેન્સ પર ક્યારેય ચઢવું નહીં. કોઇ અન્ય આમ કરતું જણાય તો તેને પણ ન કરવા દેવું.
- જે બિલ્ડિંગ પર ડેન્જરઃ હાઇ વોલ્ટેજ લખ્યું હોય તેનાથી દૂર રહેવું.
- ઈલેક્ટ્રિક પોલના વાયર નીચે લટકતા હોય તો તેને હાથ લગાડવો નહીં.
- ટ્રાન્સફોર્મરના બોક્સ પર બેસવું કે ટેકો લઇ ઊભાં રહેવું નહીં, તેમાં હાઇ વોલ્ટેજ પાવર હોય છે.
- વરસાદ ન હોય અને વીજળીઓ થતી હોય તો તરત જ ઘરમાં આવી જવું.
- જો કોઇને ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હોય તેવું લાગે તો તેને બચાવવાના ઇરાદે હાથ લગાવવો નહીં, તરત જ વિભાગના અધિકારીને ફોન કરી જાણ કરવી.
- તોફાની વાતાવરણમાં કે વીજળી પડતી હોય ત્યારે તરવા જવાનું ટાળવું.

આ દરેક બિંદુ એવાં છે જે દરેક વ્યક્તિ બાળક, મોટાં અને વડીલોએ જાણવી જરૂરી છે. ■

# ઈલેક્ટ્રિક સેફ્ટીના ૧૦ રુલ્સ

૧. એક જ આઉટલેટમાં એકથી વધુ પ્લગ ન લગાવો. આથી ઈલેક્ટ્રિકલ સિસ્ટમને નુકસાન થઇ શકે છે અને ક્યારેક આગ પણ લાગી શકે છે.

૨. મોટાંએ ધ્યાન રાખવું જોઈએ કે જે આઉટલેટ વાપરતાં ન હોય તેને બંધ રાખવા. નાના બાળકો તેને હાથ લગાવે તો અકસ્માત થઇ શકે છે વળી ખુલ્લું પડી રહેવાથી તેમાં કચરો પણ ભરાઇ શકે છે.

૩. ઈલેક્ટ્રિક વાયરને જોરથી ખેંચવો નહીં. આમ કરવાથી કોર્ડની સાથે ઉપકરણ પણ ખરાબ થઇ શકે છે. ઉપરાંત પ્લગ અને આઉટલેટને પણ નુકસાન થઇ શકે છે.

૪. ઈલેક્ટ્રિક વાયરોને બરાબર બંધ કરીને રાખો. ઘરમાં પાલતુ પશુ જો ખુલ્લા વાયરો ચાવવાનો પ્રયત્ન કરે તો તેમને શોક લાગી શકે અથવા ચાલતાં કોઇના પગમાં પણ ફસાઇ શકે છે.



૫. ઈલેક્ટ્રિક કનેક્શન કરતી વખતે કોઇને સાથે રાખો. જો ઈલેક્ટ્રિક ઉપકરણ લગાવવાનું કામ કરતાં હો તો કોઇ સાથે હશે તો મદદ મળી રહેશે.

૬. વૃક્ષ પર ચઢતાં પહેલાં અથવા અગાશીમાં જતાં આસપાસ ઈલેક્ટ્રિક વાયર લટકતો હોય તો ધ્યાન રાખજો. અચાનક વાયરને અડકી જવાય તો અકસ્માત થઇ શકે છે.

૭. ઈલેક્ટ્રિક સબસ્ટેશનની આસપાસની ફેન્સ પર ચઢવું નહીં. જો રમતાં બોલ કે તમારું પાલતુ પશુ એવી જગ્યાએ ફસાયાં હોય તો વીજ કંપનીમાં ફોન કરી તે બહાર કઢાવવું.

૮. બહારના દાદરા પર ચઢતી વ્યક્તિએ પાવરલાઇનનું ધ્યાન રાખવું.

૯. ઈલેક્ટ્રિક ઉપકરણ અને તેના વાયરોને પાણીથી દૂર રાખવાં. મોટા ભાગના ઘરોમાં વીજળીથી થતા અકસ્માતો ઉપકરણોને પાણીની પાસે રાખવાથી જ થતાં હોય છે.

૧૦. પાવરલાઇનની આસપાસ પતંગ ન ચગાવવો. વીજળીના તાર પર પતંગની દોર લાગે તો તેમાંથી પસાર થતો વીજળીનો કરંટ તમને પણ લાગી શકે છે. ■

# સોલર લેમ્પથી થતા કેટલાક ફાયદા

- આ લેમ્પ બજારમાં ત્રણ સાઈઝના મળી રહે છે. તેની કિંમત ૧૫૦૦ થી લઈને ૪૦૦૦ હજાર રૂપિયા સુધીની હોય છે, પરંતુ બાદમાં આ એકદમ મફતમાં કામ આપે છે.
- જોવામાં સુંદર અને મજબૂત ઉપરની તરફથી પકડવા માટે ૨ નાના ચોકોર હેંડલ હોય છે, જેના દ્વારા લેમ્પને ઉઠાવીને ગમે ત્યાં રાખી શકાય છે.
- આની સૌથી સારી વિશેષતા તે છે કે એક વખત ચાર્જર પર રાખ્યા બાદ જો પ્લગ કાઢવાનું ભુલી જઈએ તો તેને કોઈ જ નુકસાન થતું નથી. તમે જ્યારે ઈચ્છો ત્યારે ચાર્જરને લેમ્પમાંથી કાઢીને ઉપયોગમાં લઈ શકો છો.
- જો તમે સાંજે કોઈ ગાર્ડનમાં પિકનિક પાર્ટી માટે ગયા હોય તો સાથે સોલર લઈ જાવ, આ તમને ખૂબ જ સારું અજવાળું આપશે.
- વ્યાપારીઓ માટે તો આ વરદાન છે. ગોડાઉનમાં અથવા જો ટ્રક ભરી રહ્યાં હોય અને ત્યાં અંધારું હોય તો તમે તમારા લેમ્પને એક ખુણામાં મુકી દો. આ તમારી ઘણી મદદ કરશે.
- લાઈટ જતી રહે ત્યારે ઘરના દરેક ખુણામાં ઈનવર્ટરની વ્યવસ્થા નથી કરી શકાતી, પરંતુ લોન કે ગાર્ડનમાં લેમ્પને ઉપયોગમાં લાવી શકાય છે. સૌથી સારી વાત તો એ છે કે આની પ્લેટ વરસાદ પડવા છતાં પણ ખરાબ નથી થતી. પરંતુ વરસાદ પછીના સૂર્યના થોડાક અજવાળાને પણ આ શોષી લે છે.
- એક વખત ખરીદ્યા બાદ ઘણાં વર્ષો સુધી આનો કોઈ પણ પાર્ટ ખરાબ નથી થતો. સાવધાનીપૂર્વક આનો ઉપયોગ કરવામાં આવે તો આ એટલી બધી કિંમતી વસ્તુ છે કે હંમેશા દરેક જગ્યાએ આ તમારો જ સાથ આપશે. ■




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in